

## 'દ્રવ્યદષ્ટિ પ્રકાશ'માંથી શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા સાધર્મીઓને લખાયેલ આધ્યાત્મિક પત્ર

(૧૨)

**કલકત્તા**
**૨-૧-૫૪**

**આત્માર્થી**

આશા છે કે, પરમ કૃપાળુ ઉપકારી 'શ્રી ગુરુદેવ' સુખ-શાંતિમાં બિરાજતા હશે. 'નિર્જરા અધિકાર' અને 'મોક્ષમાર્ગ પ્રકાશક'નો આઠમો અધ્યાય બહુ સરસ રીતે ચાલતો હશે.

આપનો પત્ર મળ્યો-સમાચાર ખ્યાલમાં લીધા. તમારા બધાના વિહાર સમયનો પ્રોગ્રામ જાણ્યો-અનુકૂળ યોગ હશે તો ગિરનાર-યાત્રા વગેરેના સમયનો મેળ મેળવવાનો પ્રયત્ન કરીશ, પરંતુ હમણાં યોગ થવો કંઈક કઠણ હોય એમ જણાય છે. તમને બધાને એ વ્યક્ત કરવા અસમર્થ છું કે ત્યાં માટે મને કેટલી બધી ઉત્સુકતા રહે છે. 'મહારાજશ્રી'ના વિહાર પહેલાં તેમનાં પ્રવચન, સાક્ષાત દર્શન વગેરેનો લાભ ન મળે એ હીન પુણ્યનું સૂચક છે.

સમય પર ત્યાં નહીં પહોંચી શકવાના વિષયમાં આપની આકુળતા જાણી. આપના વાચક શબ્દોથી વાચ્ય ભાવનું અનુમાન થાય છે. મોક્ષાર્થી પોતાના ક્ષણિક અલ્પકાલીન ભાવોનું મૂલ્ય નથી આંકતો.

બધાને યથાયોગ્ય.

**ધર્મસ્નેહી**
**નિહાલચન્દ્ર**

(૧૩)

**અજમેર**
**૧૭-૧-૫૪**

**આત્માર્થી... સોનગઢ, ધર્મસ્નેહ.**

આપનો પત્ર મળ્યો, સમાચાર ખ્યાલમાં લીધા. આ દિવસોમાં સોનગઢનું વાતાવરણ વિહારના અદ્ભુત ઉમંગોથી ભર્યું-ભર્યું હશે. સર્વશ્રેષ્ઠ નેતા સહિત મોક્ષમંડળી સ્થાને સ્થાને વિજયનો સ્તંભ રોપવા જઈ રહી છે. - આ વિચાર હૃદયને ખૂબ ઉલ્લાસમય બનાવે છે. દુર્ભાગ્યવશ મને આવા અવસરે ત્યાં નહિ રહેવાનો ખેદ વર્તે છે. આશા છે કે, 'ગુરુદેવશ્રી'નું આત્મ-સ્વાસ્થ્ય તેમ જ શારીરિક સ્વાસ્થ્ય નિરંતર વૃદ્ધિગત હશે.

આપે મને અહીંની વ્યાવસાયિક પરિસ્થિતિ બાબત પૂછ્યું, તો આ વિષયમાં આપને લખવાનો વિચાર નથી આવતો. અમારો પાયો તો મુક્તિરસના વિચારો પર પડ્યો છે, બીજા વિચારોમાં આપને રસ આવે-એ મને ઠીક લાગતું નથી. અત્યારે કાર્યવશ પત્ર બંધ કરું છું. આપનો પ્રોગ્રામ લખતા રહેજો. સ્વસ્થાનને મુખ્ય રાખીને જ પર સ્થાનોના ક્ષણિક વિકલ્પોનું સહજ જ્ઞાન થતું રહે-એ જ ઈચ્છા.

**ધર્મસ્નેહી**
**નિહાલચન્દ્ર**

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૫ : અંક-૨૪૨, વર્ષ-૨૨, જાન્યુઆરી-૨૦૧૮

## અષાઢ સુદ ૫, ગુરુવાર, તા.૨૩-૦૬-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૪૫, પ્રવચન-૧૬

**'જ્ઞાની જ શરીરરૂપી મંદિરમાં પરમાત્માને દેખે છે.'** શરીરરૂપી આત્માનું મંદિર, એ આત્મા ત્યાં દેખે છે. કોઈ બીજા મંદિરમાં આ આત્મા દેખાતો નથી. અહીં 'દેખે'થી ઉપાડ્યું છે. ઓલું નહોતો દેખતો એમ હતું. સમજાય છે? નહોતો દેખતો, આમ છે, આમાં દેવ છે હવે દેખે છે અહીં, એમ કહે છે.

**तित्थहिं देउलि जिणु सव्वु वि कोइ भणेइ।**
**देहा-देउलि जो मुणइ सो वुहु को वि हवेइ।।४५।।**

**'સર્વ કોઈ કહે છે કે તીર્થમાં અથવા મંદિરમાં જિનદેવ છે.'** અજ્ઞાનીઓ બધા એમ કહે છે કે, ભગવાન ત્યાં બિરાજે છે. ઓલા આક્ષેપ કરે, જુઓ! તમારામાં આમાં લખ્યું છે. અરે...! સાંભળને હવે, ભાઈ! આ તો સ્થાપના નિક્ષેપને આત્મા ત્યાં માની લ્યે છે. ઓલો ભાવનિક્ષેપ માને એ તો ભૂલ છે. સ્થાપનામાં ભાવ ભગવાન છે એમ માને એ ભૂલ છે, પણ એ સ્થાપનામાં આ આત્મા માને તો એ મોટી ભૂલ (છે) એમ કહે છે, અહીં તો ઈ વાત છે. સમજાણું કાંઈ? અને સ્થાપના નથી એમ માને તો પણ ઈ મૂઢ જીવ છે. વસ્તુ નથી કંઈ? પોતાને જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી અશુભથી બચવા ભાષાએ વ્યવહાર (આવે છે), બાકી તો શુભભાવ એ કાળે એ જાતનો હોય છે. એ જાતનો, હોં! ભક્તિનો, એમ. દયાનો રાગ હોય ત્યારે દયાનો, સ્મરણનો હોય ત્યારે સ્મરણનો, ભક્તિનો એ જાતનો રાગ તે કાળે આવે છે, હોય છે પણ અહીં તો કહે છે કે, ત્યાં તું આત્માને જોવા માંગીશ તો ત્યાં આત્મા નહિ મળે. સમજાણું કાંઈ? એનો ઓલો (તો) એકાંત ત્યાં માનીને આત્મા પ્રાપ્ત થશે, ત્યાંથી મને સમકિત થશે (એમ માને છે). સમકિત તો સ્વભાવ સન્મુખ થવાથી થાય છે. એ પરના સન્મુખથી તો વ્યવહાર સમકિત, (ત્યાં) શ્રદ્ધાનો વિષય પર છે.

મુમુક્ષુ :- વ્યવહાર સમકિત તેને નહીં થાય.

ઉત્તર :- બિલકુલ ન થાય, એ માટે તો અહીંયાં વાત કરે છે. આમ જોયે આમ નહિ થાય, છતાં એ જોવું એ છે ખરું. જ્યાં સુધી પૂર્ણ પોતાના સ્વરૂપમાં ઠરે નહિ ત્યાં સુધી એવો વ્યવહાર આવ્યા વિના રહે નહિ. વ્યવહારને ન માને (અને) એકાંત નિશ્ચય માને તો એ મૂઢ છે અને એ વ્યવહાર દ્વારા આત્માને જોશે એમ માને તોપણ મૂઢ છે. કહો?

**'સર્વ કોઈ કહે છે કે તીર્થમાં અથવા મંદિરમાં જિનદેવ છે. જે કોઈ દેહરૂપી મંદિરમાં જિનદેવને દેખે છે, માને છે તે કોઈ જ્ઞાની જ હોય છે.'** જ્ઞાની, કોઈ ધર્માત્મા (દેહરૂપી) મંદિરમાં આત્મા દેખે (છે). સમજાણું કાંઈ? ભગવાનઆત્મા અંદર પૂર્ણાનંદનો નાથ, એને આ દેહ દેવાલયમાં દેખે છે એ જ્ઞાની છે. ઓલો અજ્ઞાની ન્યાં ભગવાન દેખે છે એ અજ્ઞાની છે એમ કહે છે.

વ્યવહાર તરીકે જાણે એ જ્ઞાની છે. વ્યવહાર તરીકે જાણે કે, ભક્તિ છે, શુભ વ્યવહાર છે, ભગવાનની સ્થાપના છે, ભગવાન અહીંયાં સાક્ષાત્ બિરાજતા નથી. અમારા ભગવાનનો મને ઉપકાર વર્તે છે, અમારે ઉપકારીનો ભાવ પ્રસિદ્ધ કરવા ભગવાનની મૂર્તિની ભક્તિ છે. એમ જાણે તો એ અજ્ઞાની નથી, પણ એનાથી મારું કલ્યાણ, કેવળજ્ઞાન અંદર થઈ જશે કે સમકિત થશે એમ ન્યાં ભગવાનને માને તો એ મૂઢ અજ્ઞાની છે, એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? કહો, ભાઈ!

(સંવત) ૧૯૮૨માં કહ્યું હતું. એક ભાઈ હતા ને? ઓલા કેવા, કે શું નામ (હતું)? 'વઢવાણ'વાળા. વૈદ્ય, વૈદ્ય હતા. ૧૯૮૨માં 'વઢવાણ' ચોમાસુ હતું ને? 'વઢવાણ'. પછી રાત્રે બેઠા હતા. પાંચ-સાત-દસ જણા બેઠા હતા. પછી કીધું, જુઓ! ભાઈ! એવી વાત છે. એક જણાએ (બીજાના) બાપને સો રૂપિયા આપેલા. હવે ઈ આપેલા (એટલે) નામામાં ઉપર ટપકે લખેલું, બહુ વિસ્તાર નહિ. પછી બેય મરી ગયા. ત્યારે (જેણે) સો રૂપિયા આપેલા (એણે કહ્યું), મારા બાપે તારા બાપને દસ હજાર આપ્યા હતા. સો ઉપર બે મીંડાં ચડાવ્યા. સો રૂપિયા આપ્યા હતા પછી બે મીંડાં ચડાવીને દસ હજાર (કર્યા અને કહ્યું), તારા બાપને મારા બાપે દસ હજાર આપ્યા હતા, લાવો. ઓલો છોકરો કહે કે, હું ચોપડા જોઈશ. ચોપડામાં જોયું (તો) સો નીકળે છે. પણ જો સો કબુલવા જઈશ તો (સામે) દસ હજાર માગે છે. (એટલે એણે કહ્યું), સો પણ નથી (આપવાના નીકળતા). ઓલાએ બે મીંડા ચડાવ્યા, ઓલાએ કાઢી નાખ્યા. એમ કીધું, આ શ્વેતાંબરે એટલા બધા માથે દાગીના (ચડાવીને) ભગવાનને મીંડાં ચડાવી દીધા. સ્થાનકવાસી પાસે માંગ્યું (તો) એણે મૂળમાંથી કાઢી નાખ્યું. એ..ઈ...! ભાઈ!



(સંવત) ૧૯૮૨ની વાત છે. ચાલીસ વર્ષ થયા. અપાસરામાં રાત્રે બેઠા હતા. જુઓ! ભાઈ! મૂર્તિ તો છે, કહો શું કહેવું છે તમારે? પણ મૂર્તિ જોઈએ સાદી. શ્વેતાંબર હતા. ખબર છે, શ્વેતાંબર હતા. 'વડવા' જાતા. આવતા હતા, રાત્રે આવ્યા હતા, ન્યાં આવ્યા હતા અમારી પાસે. જુઓ! મૂર્તિ છે પણ મૂર્તિમાં આવું ન હોય. આ તો વધારી નાખ્યું. વધારી નાખીને સ્થાનકવાસી પાસે માંગ્યુ તો એ કહે, મૂળમાં (જ) નથી. કીધું, આવું બન્યું છે. વાત સાંભળો, કીધું. પાંચ-સાત જણા રાતની ચર્ચામાં હતા. એ વખતે એવી કંઈ ચર્ચા નહોતી. મહારાજ કંઈ કહેતા હશે, એમાં કંઈ સંદેહનું સ્થાન (ન હોય), એ કાંઈક કહેતા હશે, એમ કરીને કાઢી નાખે. પણ આ તમારું ખોટું પાડી દે છે.

અહીં તો કહે છે, '**જગતમાં વ્યવહારને જ સત્ય માનનારા ઘણા છે.**' શું? એ વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, દેવાલય, મંદિર આદિ પરમાત્મા એ જ જાણે સાચા છે, એ વ્યવહારને જ સત્ય માનનારા બહુ જીવો છે. '**બધા એમ જ કહે છે કે ઘડો કુંભારે બનાવ્યો.**' જુઓ! ઈ જરી ઠીક છે, ભાઈ! ઘડાને કુંભારે બનાવ્યો (એમ અજ્ઞાની જોવે છે પણ) '**ઘડો માટીથી બન્યો છે...**' આખી

દુનિયા કહે કે, કુંભારે ઘડો બનાવ્યો, કુંભારે ઘડો બનાવ્યો. વ્યવહારને સત્ય માની લ્યે છે. એ તો વ્યવહાર છે, એને સત્ય માની લ્યે છે. સમજાય છે? એમ ભગવાન, તીર્થ અને દેવાલય તો વ્યવહાર છે. એનાથી સત્ય આત્મા માની લ્યે છે, માળા! મૂઢ છે એમ કહે છે. સમજ્યા ને? **'ઘડો માટીથી બન્યો છે એમ કોઈ નથી કહેતું.'** કહે છે કોઈ? ઓલામાં આવે છે કે નહિ? તારું નામેય કોણ યાદ કરે છે? ઓલા ઉપાદાનને કહે. જ્યાં હોય ત્યાં પૂછો તો અમારી વાત છે. ઘડો કુંભારે કર્યો, રોટલી બાયડીએ કરી, પાણી ભરી આવ્યા. આ લસોટવાનું (કર્યું), આ ફલાણા પથરા વડે સારું લસોટ્યું. લસોટ્યું એટલે ઝીણું કર્યું. એ બધી વાતું આ નિમિત્તથી તો આખી દુનિયા બોલે છે અને તું ઉપાદાનની વાત ક્યાં પૂછવા જાય છે? ઓલો કહે કે, પણ ઉપાદાન ભગવાન પાસે છે, હોં! સમ્યગ્જ્ઞાની પાસે ઉપાદાન(નું) પૂછીએ તો એ ઉપાદાનથી કહેશે.

અહીં કહે છે, ખરેખર ઘડામાં માટીનો આકાર છે. શું કહે છે? ઘડામાં માટીનો આકાર આવ્યો છે. કુંભારનો આકાર આવ્યો છે? શકલ સમજ્યા ને? આકાર. એની આકૃતિ. માટીમાં કુંભારની આકૃતિ આવી છે? કે માટીની આવી છે? 'માટીનો ઢગલો જ ઘડારૂપે થયો છે.' માટીનો જે ઢગલો હતો, એ ઘડારૂપે થયો. કે કુંભાર ઘડાના રૂપમાં થયો છે? **'કુંભારના યોગ અને ઉપયોગ માત્ર નિમિત્ત છે. એવી જ રીતે તીર્થસ્વરૂપ જિનપ્રતિમાઓ કેવળ નિમિત્ત છે. તેમના દ્વારા પોતાના શુદ્ધ આત્મા જેવા પરમાત્મા અરિહંત અને સિદ્ધનું સ્મરણ થઈ જાય છે.'** એટલું. પરમાત્મા આવા આત્મા હતા, એવું સ્મરણનું એક નિમિત્ત છે.

**'વાસ્તવમાં તે ક્ષેત્ર, પ્રતિમા, મંદિર એ બધું અચેતન જડ છે તોપણ ચેતનનું સ્મરણ કરાવવા માટે નિમિત્ત છે.'** એટલે સ્મરણ કરે તો નિમિત્ત કહેવાય છે. તે જ એનું સ્મરણ, હોં! પરમાત્મા ભગવાનનું નહીં. **'તેથી તેમની ભક્તિ દ્વારા પરમાત્માની ભક્તિ કરવામાં આવે છે.'** એની ભક્તિ દ્વારા (એટલે) પરમાત્મા સર્વજ્ઞની, હોં! **'મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની જીવ વિચાર નથી કરતો કે ખરી વાત શું છે? તે મંદિર અને મૂર્તિને જ દેવ માનીને પૂજે છે, એથી આગળ વિચાર નથી કરતો કે પ્રતિમા તો અરિહંત અને સિદ્ધપદના ધ્યાનમય ભાવનું ચિત્ર છે. તે ભાવની સ્થાપના છે.'** કોના ભાવની? ભગવાનના ભાવની. **'તે સાક્ષાત્ દેવ નથી.'** એ સાક્ષાત્ દેવ પણ નથી તો આ આત્મા દેવ ન્યાં ક્યાંથી આવ્યો? કહો, સમજાણું કાંઈ?

પછી એને જરી એમ લીધું છે, ભક્તો કંઈ પથ્થરના ગુણ નથી ગાતા. ભગવાન ભાવનિક્ષેપે કોણ છે એના ત્યાં ગુણ ગાય છે. મૂર્તિને દેખીને (કહે છે), ભગવાન તમે આવા છો, આવા છો, આવા છો. લ્યો! સમજાણું?

**'સમ્યગ્દૃષ્ટિ સદાય જાણે છે અને સદાય અનુભવ કરે છે કે જ્યારે હું મારી અંદર શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિથી દેખું છું તો મને મારો આત્મા જ પરમાત્મા જિનદેવ દેખાય છે.'** પોતાનો આત્મા દેખવામાં તો અંતરદૃષ્ટિ કરે તો દેખે તો જિનદેવ તો અહીં છે. રાગને જીતનાર વીતરાગ થનાર તો ભગવાનઆત્મા પોતે છે. જિનદેવ તો આત્મા છે. આ જિનદેવ પરમાં રહેતા નથી. કહો, સમજાણું કાંઈ? **'મારે મારી અંદર મને મારા વડે જ દેખવો જોઈએ. આ જ આત્મદર્શન નિર્વાણનો ઉપાય છે.'** આત્માનું દર્શન નિર્વાણનો ઉપાય છે, કંઈ ભગવાનનું દર્શન નિર્વાણનો ઉપાય નથી. બહારની ભક્તિ નિર્વાણનો ઉપાય નથી.

દાખલો આપ્યો છે. **'સિંહની મૂર્તિને સાક્ષાત્ સિંહ માનીને પૂજા કરે કે આ સિંહ મને ખાઈ જશે તો તેને અજ્ઞાની જ કહેવાય.'** સિંહ ખાઈ જશે? એમ ભગવાન તારી દેશે? એમ અહીં કહે છે, ભાઈ! સિંહ જોઈને ખાઈ જશે એમ માને તો મૂઢ છે. એ તો સ્થાપના છે, એમ આ ભગવાન

મને તારી દેશે અંદરનો ભાવ, એ મૂઢ છે. ન્યાં ક્યાં તારો ભાવ હતો? સાંભળે છે ને આટલા વર્ષથી? ૩૧ વર્ષ થયા. હેં? એનું પાકું હૃદય કઠણ છે. કહો, સમજાણું આમાં? **'જ્ઞાની જાણે છે કે સિંહની મૂર્તિનો આકાર તેની ક્રૂરતા અને ભયંકરતા બતાવવા માટે એકમાત્ર સાધન છે,...'** સિંહના સ્વરૂપને દેખાડવા માટેનું એક નિમિત્ત (છે), ઓલા સિંહનું સ્વરૂપ, હોં! **'તે સાક્ષાત્ સિંહ નથી. એનાથી બીવાની જરૂર નથી.'** સાક્ષાત્ સિંહનો લાભ નથી. **'સિંહનું સ્વરૂપ બતાવવા માટે સિંહની મૂર્તિ પરમ સહાયક છે.'** નિમિત્ત છે. **'જે શિષ્ય સિંહના આકાર અને તેની ભયંકરતાથી અજાણ છે તેમને સિંહનું જ્ઞાન કરાવવા માટે સિંહની મૂર્તિ પ્રયોજનવાન છે.'** એ નિમિત્ત. **'એવી જ રીતે જ્યાં સુધી પોતાની અંદર પરમાત્માનું દર્શન ન થાય ત્યાં સુધી આ જિનમૂર્તિ પરમાત્માનું દર્શન કરાવવા માટે નિમિત્ત કારણ છે.'**

એ બધું ખાઈ જશે, એમ આ મને તારી દેશે. ઓલા કહે છે ને? ગાય કાંઈ દૂધ આપે? સિંહ કાંઈ મારે? ગાય ક્યાં છે ન્યાં? એ તો સ્થાપના છે. સમજાણું કાંઈ? સ્થાનકવાસી આ દાખલો આપે છે. ગાય કાંઈ દૂધ આપે નહિ, સિંહ કાંઈ મારે નહિ અને ભગવાન કાંઈ તારે નહિ. ત્રણે આપે છે, ત્રણ (વાત) કહે છે. કોણ કહે છે કે ઈ ગાય સાચી છે. અને કોણ કહે છે કે, ન્યાં સાચા ભગવાન છે. ઈ તો નિમિત્ત થયું. ઈ ભગવાનનો આત્મા કેવો જાણવાનું નિમિત્ત થયું અને પછી એવો જ આત્મા હું છું, એવું અંતર્મુખ જોવે તો થાય છે. સમજાણું કાંઈ? 'વાદવિવાદ કરે સો અંધા'. હેં?

મુમુક્ષુ :- કેમ જોવું એ શીખડાવે છે.

ઉત્તર :- આત્મા કેમ જોવો એમ શીખવે છે. કહો, સમજાણું કાંઈ?

**'મૂર્તિને મૂર્તિ માનવી, પરમાત્મા ન માનવા તે જ યથાર્થ જ્ઞાન છે. વ્યવહારમાં જે મગ્ન રહે છે તે મૂળ તત્ત્વને ઓળખતા નથી.'** છે ને? એ વ્યવહારમાં ન્યાં ને ન્યાં મગ્ન રહે તો ઈ આત્માને નહિ જોવે. ઈ ભગવાન તારી દેશે. સાંજ, સવાર, બપોર ત્રણ-ત્રણ કલાક ન્યાં ને ન્યાં ભગવાન પાસે (બેઠો રહે), જય ભગવાન, જય ભગવાન (કરે). ન્યાં નહિ, અહીં અંદર જો. સમજાણું કાંઈ? વ્યવહારથી નિશ્ચય નહિ પમાય, એમ કહે છે. છતાં વ્યવહાર છે ખરો, સમજાણું? હેં?

મુમુક્ષુ : આ યોગસાર કોઈ દિ' વંચાણું નથી.

ઉત્તર : ના, કોઈ દિ' વંચાણું નથી. પહેલું-વહેલું વંચાય છે.

**'વ્યવહાર વાસ્તવમાં અભૂતાર્થ અને અસત્યાર્થ છે. જેવો મૂળ પદાર્થ છે, તેવો એને કહેતો નથી.'** ઓલી કોર છે, ભાઈ! ૧૮૫ માં. વ્યવહાર તો ખરેખર અસત્યાર્થ છે. ન્યાં ભગવાન છે આત્મા? એ તો અસત્યાર્થ છે આત્મા, આ આત્મા પોતે સત્યાર્થ અહીં છે. સમજાણું? દાખલો હજી આપ્યો છે. **'વ્યવહારમાં જીવ નારકી, પશુ, મનુષ્ય, દેવ કહેવાય છે. નિશ્ચયથી આમ કહેવું અસત્ય છે.'** આત્મા નારકી, મનુષ્ય અને પશુ છે? એ તો વ્યવહારથી જણાવ્યું છે. ખરેખર તો જૂઠું છે. **'આત્મા ન તો નારકી છે, ન પશુ છે, ન મનુષ્ય છે, ન દેવ છે. શરીરના સંયોગથી વ્યવહારનયે આત્માના ભેદ વ્યવહાર ચલાવવા માટે કરવામાં આવ્યા છે.'** વ્યવહારનયના વ્યવહાર ચલાવવા માટે ભેદ કરવામાં આવ્યા છે, નિશ્ચય માટે નહિ.

**'જેમ તલવાર લોઢાની હોય છે પણ જો તે સોનાના મ્યાનમાં હોય તો તેને સોનાની તલવાર, ચાંદીના મ્યાનમાં હોય તો ચાંદીની તલવાર અને પિત્તળના મ્યાનમાં હોય તો તેને પિત્તળની તલવાર કહેવામાં આવે છે. આમ કહેવું સાચું નથી.'** સત્ય છે? એ તો નિમિત્તથી વાત છે. **'બધી તલવારો એક જ છે. તેમાં ભેદ કરવા માટે સોનાની, ચાંદીની અને**

**પિત્તળની તલવાર એમ કહેવું પડે છે.**' એવી બધી ઘણી લાંબી વાત છે.

'**પરમાત્માદેવને જ પોતે દેખે છે.**' લ્યો! '**એવી જ રીતે જે પોતાના દેવરૂપી મંદિરમાં વિરાજિત પરમાત્મદેવને જ પોતે દેખે છે, પોતાને મનુષ્યરૂપ નથી દેખતા.**' પોતાને મનુષ્યરૂપે તો નથી દેખતા, પણ પરસ્વરૂપ જે પરમાત્મા એ રૂપે આત્મા નથી દેખતો. પોતાના સ્વરૂપે અખંડ જ્ઞાયકમૂર્તિ છે એમ દેખે છે. એને સાચું જ્ઞાન અને સત્ય જ્ઞાન કહેવામાં આવે છે. લ્યો!

'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં ઓલો દાખલો આપ્યો છે ને? '**નિશ્ચયનય વસ્તુને યથાર્થ બતાવે છે, વ્યવહારનય વસ્તુને યથાર્થ બતાવતો નથી.**' જુઓ! નિશ્ચયનય વાસ્તવિક તત્ત્વનું સત્ય સ્વરૂપ કહે છે. વ્યવહારનય એ સત્ય સ્વરૂપને (નથી કહેતું), એ તો ઉપચારથી કથન કરે છે. '**સર્વજ્ઞદેવ નિશ્ચયને ભૂતાર્થ અને વ્યવહારને અભૂતાર્થ કહે છે.**' સર્વજ્ઞ પરમેશ્વર વ્યવહારને અસત્યાર્થ અને નિશ્ચયને સત્યાર્થ કહે છે. '**ઘણું કરીને બધા જ સંસારી જીવ આ ભૂતાર્થ નિશ્ચયના જ્ઞાનથી દૂર છે.**' ભગવાનઆત્મા સ્વસ્વરૂપથી પ્રાપ્ત થાય છે એવા નિશ્ચયજ્ઞાનથી બહુ પ્રાણી દૂર છે. મોટો ભાગ વ્યવહારને, નિમિત્તને વળગ્યો છે. ભગવાનઆત્મા..! વ્યવહાર, નિમિત્ત છે ખરું. મોટો ભાગ એને વળગ્યો (કે) આનાથી નિશ્ચય (પ્રાપ્ત થશે), અસત્યથી સત્ય પમાશે. આત્માના શુદ્ધ સ્વભાવની અપેક્ષાએ એ બધું આમાં નથી માટે અસત્ય છે. વ્યવહાર છે એ ઉપચાર છે. લોકો ઘણા જીવો ત્યાં વળગ્યા છે. ભૂતાર્થ ભગવાનઆત્મા અંતરમાં અખંડાનંદ પ્રભુ, એને જોવાનું નિશ્ચયનું જ્ઞાન કરનારા થોડા છે. સમજાણું કાંઈ?

'**જે બાળકે સિંહ જોયો નથી તે બિલાડીને જ સિંહ માની લે છે...**' મિંદડી. '**બિલાડો બતાવીને તેને આ સિંહ છે એમ કહેવામાં આવ્યું હતું, તેવી જ રીતે જે નિશ્ચયતત્ત્વને નથી જાણતા તે વ્યવહારને જ નિશ્ચય માની લે છે...**' લ્યો! નિશ્ચય સમજ્યા વિના વ્યવહારને નિશ્ચય માની લ્યે, એ તો મૂઢ છે. બે તત્ત્વ જુદી જાતના છે. વ્યવહાર તે ઉપચાર અને વ્યવહાર છે અને આ તો નિશ્ચય અને યથાર્થ છે. '**વ્યવહારને જ નિશ્ચય માની લે છે તે કદી પણ સત્યને પામતા નથી.**' લ્યો! સમજાણું? એટલી ગાથાઓ તો મંદિરની થઈ. ૪૨ થી ઉપડી હતી ને? હેં? ૪૨ થી ત્યાં સુધી કહ્યું. ૪૧ માં બીજું હતું ને? ૪૧ માં કુતીર્થનું હતું. ૪૧ માં કુતીર્થમાં ભમવાથી મુક્તિ થાય, એમ માને છે. અને આ પોતાના ભગવાન સાચા છે ત્યાં ગયે મુક્તિ થાય, એમ માને છે. સમજાણું કાંઈ?

અજ્ઞાનીઓ આ ગંગા નદીમાં ન્હાવું ને આમાં સ્નાન કરવું ને આમાં આ કરવું, તીર્થ ભમવું ને ભટકવું, જે વાસ્તવિક વ્યવહાર તીર્થ પણ સાચા નથી. એવા કુતીર્થમાં ભમવાથી આત્માનું કલ્યાણ થશે એમ માનનારાઓ મૂર્ખ છે, એમ કહ્યું. પછી અહીં કહ્યું કે, વ્યવહાર તીર્થ દેવ, દેવાલય, મંદિર આદિ જૈન શાસ્ત્રમાં છે, ગીરનારની જાત્રા વિગેરે એનાથી નિશ્ચય પમાશે એમ કહેનારા પોતામાં અંદર ભૂલ્યા છે. કહો, સમજાણું આમાં? આહાહા..! ઈ ત્યાં ક્યાં ભગવાન હતા? 'ગિરનાર'માં 'નેમિનાથ' ભગવાન છે? 'નેમિનાથ' ભગવાન તો મોક્ષ પધાર્યા. ત્યાં 'નેમિનાથ' ભગવાનને જોવા જાય તો મૂર્ખ છે. એ તો એની સ્થાપના છે. એના સ્મરણમાં આવા 'નેમિનાથ' ભગવાન હતા, આવા હતા. ઓ..હો...! વાસુદેવ અને બળદેવ, ભગવાન 'નેમિનાથ' જ્યારે બિરાજતા (ત્યારે) વંદન કરવા આવતા. સાક્ષાત્ ભગવાન બિરાજતા. બળદેવ, વાસુદેવ જેના ભગત હતા. એવું સ્મરણમાં નિમિત્ત છે, શુભભાવ છે, ભક્તિનો ભાવ તો મુનિઓને પણ હોય છે. મુનિઓને હોય છે. 'કુંદકુંદાચાર્યદેવ' વંદન કરવા ગયા હતા કે નહિ? ગયા હતા. હોય છે, પણ કોઈ એમ માની લ્યે કે, ત્યાંથી-આમથી આમ અંદરમાં જવાશે અને મુક્તિ થાશે, એ વાતમાં સાર નથી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ)



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા**
**પરમાગમસાર ગ્રંથના**
**બોલ-૯૨૭ ઉપર થયેલ ભાવવાહી**
**પ્રવચન, તા. ૨૬-૦૫-૧૯૮૫,**
**પ્રવચન નં. ૫૪૯**
**(વિષય : વિધિ)**

**જીવ શું ને અજીવ શું? તે જાણે નહિ અને શરીરનો રોગ દૂર કરીને, કે પૈસા મેળવીને વગેરે ઉપાયથી પોતાનું દુઃખ ટાળવા માગે તો તે ઉપાય જૂઠા છે. દુઃખ તો જીવમાં છે ને તે દુઃખ મોહથી છે તો તે દુઃખ પણ જીવમાં યથાર્થ ભાન કરીને મોહ ટાળવો તે જ ટાળવાનો ઉપાય છે. ૯૨૭.**

પાનું-૨૫૬. ૯૨૭.

**'જીવ શું ને અજીવ શું? તે જાણે નહિ અને શરીરનો રોગ દૂર કરીને, કે પૈસા મેળવીને વગેરે ઉપાયથી પોતાનું દુઃખ ટાળવા માગે તો તે ઉપાય જૂઠા છે.'** મોક્ષમાર્ગ પ્રકાશકના ચોથા અધિકારમાં ટોડરમલજીએ આ વિષય લીધો છે. સુખ પ્રાપ્તિનો અને દુઃખ ટાળવાનો જૂઠો ઉપાય શું છે અને સાચો ઉપાય શું છે? પ્રયોજનનું પ્રકરણ શરૂ કર્યું છે. જીવને પ્રયોજનભૂત તત્ત્વોનો નિર્ણય કરવો જોઈએ. તેમાં પણ મૂળ પ્રયોજન તો સુખ-દુઃખનું છે.

જો આત્મિક સુખ, આત્માની સાચી શાંતિ જોઈતી હોય, કોઈપણ હાલતમાં, કોઈપણ પરિસ્થિતિમાં, તો એણે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર અને પ્રયોજનભૂત તત્ત્વોનો યથાર્થ નિર્ણય કરવો જોઈએ. એ મૂળ પ્રયોજન જે સુખ-શાંતિનું છે એને અનુસરીને વાત છે. એ પ્રકરણનો વિસ્તાર કરતાં અને એની ચર્ચા કરતાં પ્રતિપક્ષની વાત અહીંયાં ટોડરમલજીએ ચર્ચી છે.

જગતના જીવો દુઃખ ટાળવા તો માગે છે. જગતના જીવો દુઃખનો અનુભવ કરી રહ્યા છે, સતતપણે દુઃખનો અનુભવ કરી રહ્યા છે, આકુળતામાં પરિણમી રહ્યા છે. દુઃખ એટલે આકુળતા. દુઃખ એટલે પ્રતિકૂળતા એમ નહિ.

સામાન્ય રીતે એવો ખ્યાલ છે કે પ્રતિકૂળતા તે દુઃખ. પણ પ્રતિકૂળતા એ નક્કી કરેલી ચીજ નથી કે કોને પ્રતિકૂળતા કહેવી. એકની અનુકૂળતા એ બીજાની પ્રતિકૂળતા હોય છે. એટલે એ કોઈ નક્કી થયેલી ચીજ નથી. પણ આકુળતા તે દુઃખ છે એ સર્વ સામાન્યને બધાને લાગુ પડે છે. તેથી આકુળતામાં જગતના જીવો જીવી રહ્યા છે તે દુઃખ ટાળવા તો માગે છે પણ દુઃખ ટાળવાનો સાચો ઉપાય નહિ જાણતા હોવાને લીધે જૂઠો ઉપાય કરે છે. એમ કહેવું છે. એ જૂઠા ઉપાયમાં શું કરે છે? કે શરીરમાં રોગ થાય તો રોગ મટાડું. ભાગ્યે જ કોઈનું

શરીર સંપૂર્ણ નિરોગી હોય છે. ભાગ્યે જ. કાંઈને કાંઈ નાની-મોટી તકલીફો શારીરિક અવસ્થાની કોઈને કોઈ પ્રકારની લગભગ જોવામાં આવે છે. તો એ શરીરનો રોગ દૂર થાય તો મને સુખ થાય એવું માન્યું છે. નિર્ધનતા ઘટે અથવા તો જે કાંઈ આર્થિક પરિસ્થિતિ છે, એમાં વધારે પૈસા મળે તો સુખ થાય, એમ કરીને એ દુઃખ ટાળવા માગે છે.

જ્ઞાનીઓ કહે છે કે એ દુઃખ ટાળવાનો ઉપાય જૂઠો છે, સાચો નથી. સંપૂર્ણ તંદુરસ્ત છે એવા જે દેવલોકના દેવો, ત્યાં તો એને પૂર્વકર્મ જ શાતાવેદનીયનો છે, અશાતાવેદનીયનો ત્યાં ઉદય નથી, વેદનીય કર્મનો જે ઉદય છે એમાં દેવલોકમાં એકલી શાતાનો ઉદય છે અને નારકીમાં એકલી અશાતાનો ઉદય છે. તિર્યંચમાં શાતા-અશાતા બંનેનો ઉદય છે. તિર્યંચ-મનુષ્ય બંનેને. તો ત્યાં સંપૂર્ણ શરીરની તંદુરસ્ત અવસ્થા હોવા છતાં, બાળ અવસ્થા નથી, વૃદ્ધ અવસ્થા નથી એટલે બાળ અને વૃદ્ધાવસ્થાના અથવા શારીરિક દુઃખો, વેદનીયના દુઃખો ત્યાં નથી. તોપણ ત્યાં આકુળતા ઘણી છે. દેવો પણ દુઃખી છે. ત્યાં સમૃદ્ધિ ઘણી છે. અહીંયાં પણ જોકે જેને પૈસા ઘણાં છે એ બધા સુખી છે એમ જોવામાં આવતા નથી. એ પણ દુઃખી જોવામાં આવે છે. ઉપાધિથી ગ્રસ્ત છે. આકુળતાથી ઘેરાયેલા છે. એ બધા દુઃખી છે.

તો કહે છે કે એનો જે ઉપાય છે એ જૂઠો છે. અને એ જૂઠા ઉપાયમાં મૂળ ભૂલ શું છે? એ વાત પ્રથમ કરી છે કે '**જીવ શું...**' પોતે જીવ શું? પોતે જીવ કેવો છે? અને શરીરાદિથી માંડીને સમસ્ત પ્રકારના સંયોગરૂપ સામગ્રી છે તે અજીવ પદાર્થો કેવા છે? અને બંનેનું પોતપોતાનું સ્થાન કેવું છે? એ તો એ જાણવાની દરકાર કરતો નથી. એ જાણવા તરફ એનું લક્ષ નથી અને એ જાણવાથી આ દુઃખ ટળવું અને સુખ પ્રાપ્તિનું પ્રયોજન સિદ્ધ થશે એની પણ એને ખબર નથી. તેથી એને એ જાણતો નથી અને બહારમાં જગતમાં પ્રસિદ્ધ જે દુઃખ ટાળવાના ઉપાયો છે એવા ઉપાયો કરે છે. જે લોકોએ માનેલા છે, માનીને સ્વીકારેલા છે.

અહીંયાં કહે છે કે એ બદલવા પડે એવું છે. એ સ્વીકૃત નિર્ણયો અહીંયાં બદલવા પડે એવું છે. રોગ ટળે તો સુખ થાય, પૈસા મળે તો સુખ થાય, એવી જે માન્યતા છે એ માન્યતાને બદલવી પડે એવું છે. ભલે આખું જગત એમ માનતું હોય તોપણ. બધા ઘણાં માને છે તેથી તે જ પ્રમાણે બધું હોય એવું જો હોય તો મૃત્યુને કોઈ સ્વીકારતું નથી. કોઈ એમ ઈચ્છે કે મૃત્યુ ભલે થાય? મૃત્યુ થવું એ કોઈને મંજૂર નથી.

જગતની કોઈ સર્વમાન્ય વ્યક્તિ હોય કે ભાઈ, આ માણસ તો જગતની ભલાઈ માટે જ જીવ્યો અને આખી માનવજાત માટે એણે સદાને માટે શુભેચ્છા અને સારી વાતો જ કહી છે અને એવી જ પ્રવૃત્તિમાં એ રહ્યા છે. તો એનું મૃત્યુ આખું જગત ન ઈચ્છે તો ન થાય એવું બને? એટલે જગત માને છે એમ જ બધું થાય, બધા માને એમ થાય એવી રીતે પણ કુદરત બંધાયેલી નથી. કેમ કે એ કુદરતી વ્યવસ્થા છે. કુદરત તો કુદરતના નિયમ અનુસાર બંધાયેલી છે. એ કુદરત પાસે અકુદરતી કાર્ય કરાવવા કોઈપણ ચાહે, એક ચાહે કે અનેક ચાહે કે બધા ચાહે તોપણ એ ચાલે એવું નથી.

મુમુક્ષુ :- કુદરત એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- કુદરત એટલે વસ્તુનો સ્વભાવ. '**वत्थुसहावो धम्मो**'. કુદરત કહો કે ધર્મ કહો. વસ્તુનો જે સ્વભાવ છે.. એટલે તો પહેલાં કહ્યું '**જીવ શું...**' એટલે જીવનો સ્વભાવ શું? એના

ગુણધર્મો શું? અજીવ એટલે અજીવનો સ્વભાવ શું? એના ગુણધર્મો શું? એ જાણ્યા વિના અકુદરતી રીતે કોઈ કાર્યની સિદ્ધિ કરવા માગે તો થાય એ બની શકવા યોગ્ય નથી. નહિ બને અને છતાં તને એનો આગ્રહ રહેશે તો આકુળતા થાશે. પણ એ આગ્રહથી કોઈ કાર્ય થાશે એમ તો બનવાનું નથી.

આ સત્યને સ્વીકાર્યા વિના કોઈ કાળે નિવેડો નથી. આજે સ્વીકારે, કાલે સ્વીકારે કે અનંત કાળે સ્વીકારે, પણ સત્યને તો સ્વીકાર્યા વિના જીવને નિવેડો નથી. એટલે દુઃખમાંથી નહિ છૂટે. એનો આરોવારો દુઃખમાંથી છૂટવાનો નથી. એટલી વાત છે.

**'દુઃખ તો જીવમાં છે ને તે દુઃખ મોહથી છે...'** દુઃખ છે એ જીવમાં છે, પણ જીવની અવસ્થામાં છે. જીવમાં છે પણ જીવની પર્યાયમાં અથવા અવસ્થામાં છે, મૂળ સ્વરૂપમાં નથી. મૂળ સ્વરૂપ તો સુખસ્વરૂપ છે કે જેમાં દુઃખની ગંધ પણ નથી. **'દુઃખ તો જીવમાં છે ને તે દુઃખ મોહથી છે...'** મોહ એટલે અહીંયાં દર્શનમોહ, ભ્રમણા.

દુઃખનું મૂળ કારણ જીવ અને અજીવ પદાર્થ સંબંધીની એની ભ્રમણા છે એ એને દુઃખનું કારણ છે. અથવા અનંત સુખસ્વરૂપ એવો જે પોતે આત્મા તેના અભાનપણામાં–બેભાનપણામાં–તેને ભૂલીને બીજે ક્યાંયથી સુખ મેળવવા માટે થતી આકુળતા એવો જે દર્શનમોહ એ દુઃખનું મૂળ કારણ છે.

મોહ દુઃખનું કારણ છે એટલે શું? કે મોહ એટલે બીજા પદાર્થમાંથી સુખ મેળવવાની વૃત્તિ એનું નામ મોહ છે. પણ આ જીવનું સુખ કોઈ બીજા પદાર્થમાંથી આવે, થાય, એ કુદરતની વ્યવસ્થામાં નથી. અથવા એ સત્યથી વિરૂદ્ધ છે. સાચી પરિસ્થિતિથી એ વિરૂદ્ધ છે. રેતીમાં તેલ નથી. તલમાં તેલ છે. પણ તલના જેવડી જ ચારણીથી ચાળીને રેતી ઘાણીમાં નાખે તો એમાંથી તેલ ન નીકળે. છતાં એમાંથી તેલ કાઢવાનો પ્રયત્ન કરે તો એ પ્રયત્ન કરતાં આકુળતા થાય પણ તેથી કાંઈ તેલ મળે નહિ. એમ આ જીવનું સુખ આ જીવમાં ભરેલું છે.

જેમ કસ્તુરી મૃગની ડૂંટીમાં કસ્તુરી ભરી છે. ગુરુદેવ દૃષ્ટાંત આપતા હતા. અને એ સુગંધ આવે છે એટલે એને એમ ભ્રમ થાય છે, મોહ થાય છે કે ક્યાંક બહારથી સુગંધ આવે છે. એટલે એ સુગંધને ખોળે છે. ક્યાંથી સુગંધ આવે છે? ક્યાંથી સુગંધ આવે છે? પણ એને ખબર નથી કે સુગંધ તારામાંથી આવે છે. તો એ બહાર શોધે છે.

એમ સુખ પોતામાં ભર્યું હોવા છતાં અને કેટલું સુખ ભર્યું છે? સ્પષ્ટપણે અનંત સુખ ભર્યું છે, કે જે સુખને સમુદ્રની ઉપમા ઓછી પડે. સમુદ્રને તળિયું છે, આ સુખને તળિયું નથી. આટલું સુખ અંદર છે. અને તેથી એ સુખસ્વભાવી હોવાથી સદાય સુખ ઇચ્છે છે. કોઈ જીવ ક્યારેય એક ક્ષણને માટે પણ, એક સમયને માટે પણ અને કિંચિત્‌માત્ર પણ ઓછામાં ઓછા દુઃખને અનુભવવા તૈયાર નથી. એ એના અભિપ્રાય વિરૂદ્ધ વાત છે. કેમ કે એનો સ્વભાવ કાયમી પરિપૂર્ણ સુખરૂપ એનો સ્વભાવ છે. પણ એ સુખ પોતામાંથી કઈ રીતે પ્રાપ્ત કરવું, અનુભવ કરવો એ એને પોતાને એની સમજ નહિ હોવાથી, એનું જ્ઞાન નહિ હોવાથી અને એની વિધિ નહિ આવડતી હોવાથી પછી એના માનેલા ઉપાયને એ કરે છે. જેને અહીંયાં જૂઠા ઉપાય કહેવામાં આવ્યા છે. એ ઉપાય સાચા નથી.

**'તે ઉપાય જૂઠા છે. દુઃખ તો જીવમાં છે ને તે દુઃખ મોહથી છે. તો તે દુઃખ પણ જીવમાં યથાર્થ ભાન કરીને મોહ ટાળવો તે જ ટાળવાનો ઉપાય છે.'** શું કહે છે? કે જો

મોહથી દુઃખ છે તો મોહ ટાળવો એ દુઃખ ટાળવાનો ઉપાય છે. અથવા પદાર્થનું યથાર્થ સ્વરૂપે યથાર્થ જ્ઞાન કરવું કે જે જ્ઞાન કરતાં મોહ રહેતો નથી, જે જ્ઞાન કરતાં પદાર્થ વિકૃતસ્વરૂપે દેખાતો નથી. સારો-નરસો દેખાય છે એ દેખનારની વિકૃતિ છે. પદાર્થ તો જે છે તે છે.

એક માણસને એક રંગ ગમે છે અને એ જ રંગ બીજા માણસને નથી ગમતો. હજારો રંગ છે. બધા જ બધાને ગમે છે એવું નથી. અરે..! એકને એક રંગ, એક માણસને એક વખતે ગમે છે અને બીજી વખતે ગમતો નથી. બને છે કે નહિ? એટલે એ કોઈ દૃષ્ટિભ્રમનો વિષય છે, એ કોઈ પદાર્થને યથાર્થ સ્વરૂપે, ગમવું ન ગમવું એ પદાર્થને યથાર્થ સ્વરૂપે જોવાની વાત નથી. એ દૃષ્ટિ જૂઠી છે, એ જોવાનું જૂઠું છે. એ પદાર્થનું સાચું જ્ઞાન કરીને, યથાર્થ ભાન કરીને '**જીવમાં યથાર્થ ભાન કરીને...**' જીવની અવસ્થામાં જે ખોટું જ્ઞાન છે એને લઈને ભાન ખોટું છે. ભાનમાં શું ખોટું છે? હું માણસ છું એવું એને ભાન છે. એટલે દેહ અને આત્મા એક એવું જે પૂતળું છે એવો હું. એમ એણે સ્વીકાર્યું છે. પણ એમાં બે તત્ત્વો છે. એક જીવતત્ત્વ છે અને એક અજીવતત્ત્વ છે. અજીવતત્ત્વમાં જીવતત્ત્વ નથી અને જીવતત્ત્વમાં અજીવતત્ત્વ નથી. તાત્ત્વિક જ્ઞાન તો આ છે. ભલે સંયોગ છે.

દૂધમાં પાણી રેડે તો પાણી દૂધ ન થાય. જો પાણી દૂધ થાય તો કેટલું રેડવું એનો મેળ રહે નહિ. પણ દૂધ દૂધ રહે છે અને પાણી પાણી રહે છે. બે તત્ત્વો એક નથી થતાં. અજીવમાં ફેરફાર થતાં જીવને કાંઈ થાય છે એમ નથી. અને જીવની અવસ્થામાં (ફેરફાર) થતાં અજીવને કાંઈ થાય છે એમ નથી. બંને પોતપોતાના ગુણધર્મ અનુસાર પરિણમે છે, સ્વતંત્ર રીતે. બંનેની હયાતી સ્વતંત્ર છે અને બંનેનું પરિણમન સ્વતંત્ર છે. જો બંનેનું પરિણમન સ્વતંત્ર ન હોય તો દેહની બધી જ અવસ્થા જીવની ઇચ્છા પ્રમાણે, જીવની ઇચ્છાને આધીન થતી હોત. પણ એમ પ્રત્યક્ષપણે જોવામાં આવતું નથી.૫

એક બાળક જલ્દી મોટું થાય એમ ઇચ્છે એના માતા-પિતા, તો જલ્દી મોટું થઈ જાય? એ જ પુત્ર યુવાન થયા પછી વૃદ્ધ ન થાય એમ ઇચ્છે તો એ વૃદ્ધ થતો બંધ થાય? એ એમ બતાવે છે કે એના બધા જ પરમાણુઓ જીવની ઇચ્છા બહાર, ઇચ્છાને આધીન થયા વિના બિલકુલ સ્વતંત્ર રીતે પરિણમી રહ્યા છે. જન્મથી માંડીને મૃત્યુ પર્યંત. તો બંનેની સ્વતંત્ર ભિન્ન ભિન્ન હયાતી સ્વીકારતા કોઈપણ પરપદાર્થ, બીજો પદાર્થ મારે આધીન નથી તેથી મારી કલ્પના પ્રમાણે કે મારી ઇચ્છા પ્રમાણે, મારા ભાવ પ્રમાણે તેની અવસ્થા થવાનો આગ્રહ એને ન રહે અને એની આકુળતા પણ એને ન રહે. જો એ પદાર્થની સ્વતંત્રતા સમજે તો. આ તો વિજ્ઞાન જ સમજવાનું છે. અને નહિતર તો એમ થયા વિના રહેશે નહિ. અનાદિથી ઊંધી પક્કડ તો છે જ. એ ઊંધી પક્કડ એવી છે કે બીજા એક પરમાણુ(પણ) એના કાબુમાં નથી પણ અનંત પરમાણુને એ કાબુમાં રાખવા માગે છે.

દેહ તો અનંત પરમાણુનો પિંડ છે. એ સિવાયના બીજા સંયોગો છે એ પણ અનંત પરમાણુના જથ્થા છે. એ બધાને એ ઠીક કરવા માગે છે, પોતાની ઇચ્છા પ્રમાણે. પણ એવું તો બની શકતું નથી. અને એવું બનતું નથી તેથી કોઈની આકુળતા અને દુઃખ મટતા પણ નથી.

જે સમજે છે એની આકુળતા મટે છે અને એ આકુળતા મટીને એ સુખી થઈ જાય છે. જેમ

અરિહંત અને સિદ્ધ પરમાત્માને અનંત સુખ પ્રગટ છે. અનંત ચતુષ્ટયમાં અનંત સુખ છે કે નહિ? અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ. એમાં એક અનંત સુખની વાત છે. એ અનંત સુખ એમને પ્રગટ થયું કેમ કે એમણે જીવ અને અજીવ પદાર્થનું યથાર્થ સ્વરૂપ જાણ્યું, માન્યું, અને એવા જાણવા-માનવામાં એ સ્થિર રહ્યા. જાણવું-માનવું એક વાત છે, સ્થિર રહેવું એ થોડી બીજી વાત છે. પણ યથાર્થ જાણે-માને તો ક્રમે કરીને સ્થિર થાય. એકદમ સ્થિર ન થાય, તો ક્રમે કરીને થાય. પણ ઊંધું જાણે-માને એને તો સ્થિર થવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. સ્થિરતા એ ચારિત્રનો પર્યાય છે.

હવે જીવ અને અજીવ શું? એનો વિચાર કરે નહિ અને ચારિત્ર સુધારવાની જગત આખી વાત કરે. આખા જગતમાં એમ કહે કે અમે તો આચરણમાં માનીએ છીએ. આચરણ દેખાય તો અમે માનીએ. અને નહિતર ન (માનીએ). પણ શેના આધારે આચરણ રહેશે એની તો પાયાની ખબર નથી. એટલે એ પાયા વગર મકાન ચણવાની વાત છે. એ કોઈ દિવસ બની શકતું નથી.

તેથી અહીંયાં પ્રયોજનના વિષયમાં પ્રથમ જ દર્શનમોહ ટાળવાની વાત છે. જેને દર્શનમોહ ટળે તેને આત્માના સાચા સ્વરૂપનું, મૂળ સ્વરૂપનું જ્ઞાન અને ભાન થાય. અને એમાં રહેલા સુખનું ભાન થતાં બાહ્ય પદાર્થમાંથી સુખ મેળવવાની વૃત્તિ એની ઉપશાંત થાય, શાંત થાય. કેમ કે જેને ખબર પડી કે અહીંથી સુખ મળતું નથી તેને પછી ત્યાંથી સુખ લેવા માટેનો અભિપ્રાય રહેતો નથી. રાગ થઈ આવે તો નિષેધ થાય. કે આ રાગ થયો એ હજી પણ ઊભો થાય છે, સુખ તો ત્યાં નથી છતાં ઊભો થાય છે. ત્યાં સુધી એટલું દુઃખ થવાનું છે. એમ એ સુખના અને ઉત્પન્ન થતાં દુઃખના સ્વરૂપને યથાર્થ જાણે છે તેને દુઃખ મટે છે અને સુખ થાય છે.

ઘણાં માને તે સાચું એ પલાખું અહીંયાં લાગુ પડતું નથી. જગતમાં ઘણાં માને છે એ રીતે સુખ-દુઃખનો પ્રકાર નથી. ભણેલા-ગણેલા બુદ્ધિમાન માણસોને પૂછો કે સુખના વિષયમાં તમે અંધશ્રદ્ધાળુ છો કે નહિ? અંધશ્રદ્ધામાં નહિ માનનારાઓ.. ઘણાં એમ કહે છે કે અમે ધર્મના અંધશ્રદ્ધાળુ નથી. અમે તો સમજી, વિચારીને કાંઈક દેખાય કે આ બરાબર છે તો જ માનીએ. એમ ને એમ આંધળું અનુકરણ અમે ન કરીએ. એને એમ પૂછીએ કે સુખ થાય છે અને દુઃખ થાય છે એ વિષયમાં તમે જગતમાં માનેલા જે પ્રકારો છે એને અંધશ્રદ્ધાથી સ્વીકાર્યા છે કે એની પાછળ તમારી કોઈ વૈજ્ઞાનિક સમજણ છે?

સુખ છે એ કયા પદાર્થમાં છે? કયા પદાર્થનો એ ધર્મ છે? અને કયા પદાર્થની એ અવસ્થા છે? એવું વૈજ્ઞાનિક રીતે સાબિત થયેલું તમે માન્યું છે? કે જે બધા આગળથી માનતા આવ્યા છે એ જ પ્રમાણે આગેસે ચલી આતી હૈ, એ માન્યું છે? જો બધા માને છે એમ માની લીધું હોય તો એ અંધશ્રદ્ધા નથી તો બીજું શું છે? તો એ અંધશ્રદ્ધા જ છે.

જગત આખું સંયોગમાં સુખ માને છે, સંયોગની અનુકૂળતાઓને સુખ માને છે અને જગત આખાની દોડ પણ સંયોગ પાછળ છે. એને પૂછીએ કે તાત્ત્વિક રીતે એ તો બતાવો અમને કે જે પદાર્થની પ્રાપ્તિથી તમે સુખ માનો છો તે પદાર્થમાં સુખ છે કે નહિ? એવું સાબિત તો કરો પહેલા. જો સુખ જ નથી તો પછી પ્રાપ્તિનો પ્રશ્ન રહેતો નથી. હોય તોપણ પ્રાપ્ત થાય કે ન થાય એ વળી બીજી વાત છે.

એક પદાર્થમાંથી બીજા પદાર્થમાં એનો ધર્મ આવી શકે કે ન આવી શકે, એ હજી વિચારવાનો વિષય બાકી રહે છે. પણ હજી તો છે જ નહિ. જે જડ પદાર્થમાં સુખનો ધર્મ નથી, ગુણ નથી, પર્યાય નથી, દ્રવ્ય નથી, કાંઈ નથી એમાંથી સુખ મેળવવાની વાત છે તે કેટલી અંધશ્રદ્ધાથી ભરેલી છે? કેટલી અંધશ્રદ્ધાથી ભરેલી છે? કે પૂરેપૂરી સોએ સો ટકાની અંધશ્રદ્ધા છે એની.

મુમુક્ષુ :- પૈસાવાળા સુખી છે.

પૂજ્ય ભાઈશ્રી :- પૈસાવાળા સુખી છે તો પૂછવું પૈસાવાળાને. અહીં તો હજી એટલા બધા પૈસાવાળા નથી પણ અમેરિકા ધનાઢ્ય દેશ કહેવાય છે અત્યારે. Multi millionares છે ત્યાં બધા. કેવા? Multi millionares અને Multi billionares છે. Milliona કરતા Billionaનો આંકડો મોટો છે. એને બિચારાને સુખ નથી ત્યાં. નથી એને ઊંઘ આવતી. ઊંઘ આવે તો ઊંઘ આવવા માટે એણે કાં દારૂ પીવો પડે અને કાં એને ઊંઘની ટીકડી લેવી પડે. એમ થાય. અને નથી એને કાંઈ મુડ રહેતો. રાત્રે ઊંઘ આવતી નથી અને દિવસના ભાગમાં એને મુડ રહેતો નથી કામ કરવાનો. કોઈ મુડ જ રહેતો નથી. બેચેની જ થયા કરે છે. તો એ પૈસામાંથી એને કેમ આ બધું સુખ નહિ મળતું હોય?

અમારા એક સ્નેહી છે એ વાત કરતા હતા કે એટલું બધું Automisation છે કે Office માંથી ઘરે આવે ત્યારે બંગલાના દરવાજે બેઠા બેઠા ગાડીમાંથી ચાંપ દાબે, મોટરમાં બેઠા બેઠા, તો દરવાજો ખૂલી જાય. રાત પડી હોય તો અંધારું થયું હોય તો અજવાળું થઈ જાય. બધી બત્તીઓ ચાલુ થઈ જાય. ગાડીમાં બેઠા બેઠા જ બધા બટન દબાવવાના. ગાડી મૂકવાનું ગેરેજ ખૂલી જાય Automatic. દરવાજો ખૂલી જાય, ગેરેજ ખુલી જાય, બત્તીઓ થઈ જાય પણ ભાઈસાહેબને સુખ થાય નહિ. આનું શું કારણ છે?

બુદ્ધિમાન માણસે આનો વિચાર કરવો જોઈએ કે જેમાં સુખ નથી એમાંથી સુખ લેવાનો જે રસ છે; એને એટલું બધું શા માટે ગોઠવ્યું? કે સુખ મેળવવા માટે. એટલી બધી શું કરવા વ્યવસ્થા કરી? કે સુખ માટે. એવો જે પુદ્‌ગલ સંબંધિત રસ છે એ ચૈતન્યરસથી વિરૂદ્ધ હોવાથી, સુખરસથી વિરૂદ્ધ હોવાથી સુખથી વિપરીત એવા દુઃખના પરિણામને ઉત્પન્ન કરે છે. દુઃખ એ બીજું કાંઈ નથી પણ પોતાના સુખ સ્વભાવથી વિરૂદ્ધ જાવું એનું નામ દુઃખ છે.

એથી કરીને જ્યારે જ્યારે આ જીવને દુઃખનો અનુભવ થતો હોય ત્યારે એણે એ વિચાર કરવો કે હું કયા પ્રકારે અજ્ઞાનભરી પદ્ધતિથી મારા સુખ સ્વભાવથી વિરૂદ્ધ ચાલું છું કે જેથી મને દુઃખનો અનુભવ થાય છે? સુખથી ભરેલો એવો હું પદાર્થ, જીવ નામનો પદાર્થ દુઃખને અનુભવું છું એનું કારણ કે કોઈ અજ્ઞાનથી મને સ્વભાવ વિરૂદ્ધ જવાનું થઈ રહ્યું છે તેથી દુઃખ થાય છે.

હવે પૈસાવાળા સુખી છે કે નહિ એ નક્કી કરો. પૈસાવાળા શું? દેવો છે એ પણ દુઃખી છે. આ તો હજી મનુષ્યોમાં તો મનુષ્યને મર્યાદિત સંપત્તિ છે. દેવોની સંપત્તિ કેટલી? ઇન્દ્ર છે. એ ઇન્દ્રાસનને ૩૨ લાખ વિમાનનો રાજા કહેવાય છે. એને એક વિમાનમાં અસંખ્ય દેવો છે. કેટલા? હિન્દુસ્તાનની (વસ્તી) તો હજી ૭૦ કરોડની કે જેટલી હોય એટલી. ત્યાં તો એમ થાય Prime minister થાય ત્યારે એને એમ થાય કે હું રાજા થઈ ગયો. જોકે એની કેટલીક પરતંત્રતા છે, એની મર્યાદા છે. પણ આને તો ૩૨

લાખ દેશ છે. એના વિમાન કહો કે એના દેશ કહો. એની એક એકની અંદર અસંખ્ય દેવો છે. સંખ્યાથી પાર જાવું પડે એટલા અસંખ્ય દેવો છે. એનો એ ધણી કહેવાય છે, એનો રાજા કહેવાય છે. એનો સાહેબ, એનો સાહેબો કહેવાય છે. એને એનાથી સુખ નથી. ત્યાં સૌધર્મ ઈન્દ્ર છે એ સમ્યગ્દ્રષ્ટિ છે. એ જાણે છે કે આના ઉપર લક્ષ જાય એટલું દુઃખ છે. ઉપયોગ જેટલો અસ્થિર થાય અને સંયોગ ઉપર જાય છે એટલું દુઃખ થાય છે એમ એ અનુભવ કરે છે. એટલે સુખ અને દુઃખ કેમ થાય છે એટલું એને ભાન થાય છે એટલે એ બચી જાય છે અને નહિતર એના ભાન વિનાના જે દેવો છે એ તીવ્ર પુદ્ગલરસે કરીને એકેન્દ્રિયાદિમાં ચાલ્યા જાય છે.

મિથ્યાદષ્ટિ દેવોની દુર્ગતિ પણ વિશેષ થાય છે. રાજા, શ્રીમંતોની પણ દુર્ગતિ વિશેષ થાય છે. કેમ કે એને તીવ્ર રસ છે. સંયોગનો એને તીવ્ર રસ છે. એટલે મિથ્યાત્વનું દર્શનમોહ સંબંધિનું બહુ મોટું પાપ એ પ્રતિસમય બાંધે છે, દરેક સમયે બાંધે છે.

હવે પછીના બોલમાં એ વાત લેશે કે લોકો જગતમા જેને પાપ કહેવાય છે એને ઓળખે છે અને એને ધિક્કારે છે. પણ એ બધા પાપનો બાપ છે એવું જે મિથ્યાદર્શન, એને સમજતા નથી, ઓળખતા નથી અને એ સંબંધીનું દુર્લક્ષ કરીને નાના-નાના પાપ મટાડવામાં રોકાય છે. નાના પાપ ઉપેક્ષા કરીને કરવા એમ અહીંયાં કહેવું નથી. નાના નાના પાપની ઉપેક્ષા કરીને તે કરવા એમ અહીંયાં કહેવું નથી. અહીં તો એક રાગના કણનો પણ નિષેધ છે. એ સિદ્ધાંત છે. પણ વિધિ એવી હોવી જોઈએ કે મૂળમાંથી રોગનો નાશ થાય.

આ તો રોગ છે ને? દોષ તો રોગ છે. એ મૂળમાંથી નાશ થાય. ત્યાં એણે શક્તિને લગાવવી જોઈએ અને ત્યાં રોકાવું જોઈએ. ત્યાં ન રોકાવાય એવી રીતે નાના-નાના પાપ મટાડવામાં શક્તિ રોકાય તો તેથી કરીને નુક્સાન તો પોતાને જ થશે. એનું નુક્સાન બીજાને નહિ થાય પણ એનું નુક્સાન પોતાને જ થશે. એ ૯૨૭ (બોલ) પૂરો થયો.

## નવીન પ્રકાશન
## અધ્યાત્મ સુધા ભાગ-૧૦

પૂજ્ય બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા થયેલ પ્રવચનોનું પુસ્તક 'અધ્યાત્મ સુધા ભાગ-૧૦' પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની જન્મ જયંતિના દિવસે પ્રકાશિત કરવામાં આવેલ છે. જે મુમુક્ષુ ભાઈ-બહેનઓ સ્વાધ્યાયાર્થ મંગાવવું હોય તેઓ ટ્રસ્ટના કાર્યાલયમાં સંપર્ક કરી મંગાવી શકે છે.

## અધ્યાત્મ સુધા ભાગ-૧૧-૧૨

પૂજ્ય બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા થયેલ પ્રવચનોનું પુસ્તક 'અધ્યાત્મ સુધા-ભાગ-૧૧ અને ૧૨' પૂજ્ય બહેનશ્રીની આગામી સમ્યક્ત્વ જયંતિ મહોત્સવ તા. ૧૧-૩-૨૦૧૮ના દિવસે પ્રકાશિત કરવાની ભાવના છે.

સંપર્ક :- વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧.

## ધાર્મિક કાર્યક્રમ

સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના વાર્ષિક સમાધિદિન પ્રસંગે ત્રણ દિવસીય ધાર્મિક કાર્યક્રમ નિમ્ન સ્થળે આયોજિત કરવામાં આવેલ છે. ચૈત્ર સુદ ૩, મંગળવાર તા. ૨૦-૩-૨૦૧૮ થી ચૈત્ર સુદ ૫, ગુરુવાર તા. ૨૨-૩-૨૦૧૮ પર્યંત જિનમંદિરમાં મંડલ વિધાન રાખવામાં આવેલ છે. તથા 'શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર'માં પ્રાતઃ સાત થી આઠ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું સી.ડી. પ્રવચન, બપોરે ચાર થી પાંચ ગુણાનુવાદ તથા રાત્રે આઠ થી નવ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું વિડીયો પ્રવચન તથા ભક્તિ રાખવામાં આવેલ છે. તા. ૨૨-૩-૨૦૧૮, ચૈત્ર સુદ પાંચમના દિવસે સવારે ચાર વાગે 'શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર'માં ભક્તિ તથા બે મિનિટનું મૌન પાળવામાં આવશે. ત્યારબાદ સાત થી આઠ પ્રવચન અને તત્પશ્ચાત્ પૂજ્ય ભાઈશ્રીના સમાધિસ્થળે અડધી કલાક ભક્તિ રાખવામાં આવેલ છે. આ પ્રસંગે આવનાર મુમુક્ષુઓ માટે આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. આવનાર મુમુક્ષુ ભાઈ-બહેનોને વિનમ્ર સૂચન છે કે તેઓ આવવાની વિગત અગાઉથી જણાવે જેથી તેમના આવાસ તથા ભોજનની સમુચિત વ્યવસ્થા થઈ શકે.

સંપર્ક : શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર. ફોન : (૦૨૭૮) ૨૫૧૫૦૦૫.

## વૈરાગ્ય સમાચાર

ભાવનગર નિવાસી શ્રી હીરાલાલજી જૈનના ધર્મપત્ની શ્રીમતી વિમલાદેવી જૈનનું તા.૩-૧૨-૨૦૧૭ના દિવસે દેહપરિવર્તન થયેલ છે. સ્વર્ગસ્થ આત્મા દેવ-શાસ્ત્ર-ગુરુના આશ્રયે આત્મકલ્યાણ સાધે તેવી ભાવના સહિત સ્વાનુભૂતિ પ્રકાશ પરિવાર તેમના કુટુંબીજનો પ્રત્યે સાંત્વન પ્રેષિત કરે છે.

**– સ્વાનુભૂતિપ્રકાશ પરિવાર**

એક જીવ બીજા કોઈ જીવના વિષયમાં શોક કરતો કહે છે કે અરેરે! મારા નાથનું મરણ થયું, પરંતુ તે પોતાના માટે શોક કરતો નથી કે હું સ્વયં સંસાર-સમુદ્રમાં ડૂબેલો છું. સંસારમાં જીવ જેવી રીતે બીજાના વિષયમાં વિચાર કરે છે તેવી જ રીતે પોતાના માટે પણ જો વિચાર કરે તો શીઘ્ર પોતાનું હિત થાય. પરંતુ જીવ પોતાના વિષયમાં ઘણું કરીને વિચાર કરતો નથી.

**(શ્રી કુંદકુંદાચાર્ય, મુલાચાર, અનુપ્રેક્ષા-અધિકાર, ગાથા-૧૧)**



## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

**પ્રશ્ન :–** નિયમસારના પરમાર્થ પ્રતિક્રમણ અદિકારની પહેલી પાંચ ગાથામાં પ્રથમ કહ્યું કે નારક નહિ, તિર્યંચ નહિ, પછી કહ્યું કે ભેદજ્ઞાનના અભ્યાસથી માધ્યસ્થ થઈ ચારિત્ર બને. તો શું સમ્યગ્દર્શન થયા પછી પણ ભેદજ્ઞાન ભાવવાનું?

**સમાધાન :–** હા, સમ્યગ્દર્શન થયા પછી પણ ભેદજ્ઞાન ભાવવું. ભેદજ્ઞાનના અભ્યાસથી માધ્યસ્થ થઈ ચારિત્ર બને. ભેદજ્ઞાનમાં સમ્યગ્દર્શન થાય છે, ચારિત્ર પણ તેમાં થાય છે અને કેવળજ્ઞાન પણ તેમાં થાય છે– બધું તેમાં થાય છે. પ્રથમ ભેદજ્ઞાનના બળથી સમ્યગ્દર્શન અને પછી તેના જ બળમાં ચારિત્ર થાય છે. આમ બધે ભેદજ્ઞાન જ છે. પહેલેથી ઠેઠ સુધી ભેદજ્ઞાન સિવાય બીજો કોઈ માર્ગ નથી. માર્ગ તો સીધો અને સરળ છે; પણ અનાદિના અભ્યાસને લઈને તે મોંઘો થઈ પડ્યો છે. માર્ગ કાંઈ આડો-અવળો નથી, બહારમાં આટલાં કાર્યો કરવા એવું તેમાં નથી, બધું અંતરમાં કરવાનું છે. પહેલેથી છેલ્લે સુધી એક જ માર્ગ છે. ભેદજ્ઞાનના અભ્યાસથી સંવર, પ્રત્યાખ્યાનાદિ બધું પ્રગટ થાય છે. અનાદિથી એકત્વબુદ્ધિ છે એટલે તેને ભેદજ્ઞાન પ્રથમ સહજ થતું નથી, વિચાર આવીને છૂટી જાય છે. સહજ પરિણતિ નથી તેથી ભેદજ્ઞાનને ઉપયોગમાં લાવે ત્યાં ઉપયોગ છૂટી જાય છે. આ રીતે ઉપયોગ વારે વારે ફર્યા કરે છે ને તેને સ્થિરતા થતી નથી, શ્રદ્ધાનું બળ તેટલું ટકતું નથી. પરિણતિ સહજ થઈ નથી એટલે પ્રથમ ભૂમિકા તેને વિકટ લાગે છે. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૦૪)**

❈

**પ્રશ્ન :–** આત્માર્થી કે જેને ખરેખર આત્માર્થ પ્રગટ થયો છે તે 'મને ભવ નથી' તેમ નિઃશંકપણે નક્કી કરી શકે?

**સમાધાન :–** આત્માર્થી પોતે નક્કી કરી શકે. સમ્યગ્દર્શન થયા પહેલાં પણ પોતાની એવી જાતની હૂંફ આવે તો પોતે નક્કી કરી શકે છે. પોતાની ભાવના અને પોતાની આત્માર્થતા ઉપરથી એવો કોઈ પાત્ર જીવ હોય તો નક્કી કરી શકે છે. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૦૫)**

❈

**પ્રશ્ન :–** જ્ઞાની પરિણમનની અપેક્ષાએ વિકારનો કર્તા-ભોક્તા છે?

**સમાધાન :–** જ્ઞાની રિણમનની અપેક્ષાએ કર્તા-ભોક્તા છે, પણ તેને સ્વામિત્વ-બુદ્ધિ નથી. માટે કર્તા-ભોક્તા નથી એમ કહ્યું છે. છતાં અસ્થિરતામાં રાગાદિ છે. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૦૬)**

❈

**પ્રશ્ન :–** કોઈપણ પર્યાયની યોગ્યતા લેવામાં પ્રમાદ આવે એવું લાગે છે તો પુરુષાર્થની ખામી લેવી બરાબર છે?

**સમાધાન :–** (એકાંતે) યોગ્યતા લેવામાં પ્રમાદ આવી જાય છે. જે થવાનું હશે તે થશે, તેની એવી યોગ્યતા

છે એમ બચાવ તરફનાં પડખાં લેતાં તો જીવને જરાય વાર લાગતી નથી. કાર્ય થાય નહિ તો બચાવનાં પડખાં એકદમ આવી જાય છે. પણ પુરુષાર્થ તરફ જાય તો તેને ખટક રહે કે મારે જ કરવાનું છે, મારા પ્રમાદના કારણે જ રોકાણો છું, પ્રમાદ છે માટે જ આગળ જવાતું નથી, એટલી લગની લાગી નથી માટે આગળ જવાતું નથી. શ્રીમદ્જીમાં આવે છે ને? જીવને અટકવાનાં ઘણાં સ્થાનો હોય છે, જીવ ગમે ત્યાં અટકી જાય છે.

મુમુક્ષુ :- મારા પ્રમાદથી આ પ્રમાણે થયું છે અને હું પુરુષાર્થ કરી શકતો નથી એમ સ્વીકારવાથી તો આકુળતા વધી જાય એમ ન બને?

બહેનશ્રી :- તે બધું આત્માર્થીએ જોવાનું છે. જો આકુળતા વધી જાય અને વધારે મૂંઝવણ થઈ જાય તો પણ માર્ગ મળતો નથી. માર્ગમાં શાંતિથી, ધીરજથી આગળ જવાય છે. મને પ્રમાદ છે, કે શાંતિ છે, કે ધીરજ છે, કે શું છે તે બધું પોતે વિચારવાનું છે. મૂંઝવણથી માર્ગ મળતો નથી. માટે શાંતિથી અને ધીરજથી પોતે માર્ગ કાઢે. પોતાની યોગ્યતા કેવી છે તે સમજીને આગળ જવું. પુરુષાર્થ ન ઊપડતો હોય ને ક્યાંક-ક્યાંક રોકાતો હોય તો પુરુષાર્થ કરે અને જો મૂંઝવણ થઈ જતી હોય તો શાંતિ રાખવી, ધીરજ રાખવી.

**(સ્વાનુભૂતિ દર્શન - ૬૦૭)**

**પ્રશ્ન :-** દ્રવ્ય પર્યાયમાં આવતું નથી તે કેવી રીતે? આપ સમજાવશોજી.

**સમાધાન :-** દ્રવ્ય પર્યાયમાં નથી આવતું એટલે કે દ્રવ્ય છે તે દ્રવ્યરૂપે રહે છે. દ્રવ્યનું સ્વરૂપ શાશ્વત-અનાદિ-અનંત છે, જ્યારે પર્યાય ક્ષણ પૂરતી છે, બીજી ક્ષણે પલટી જાય છે. માટે જેમ પર્યાય ક્ષણે ક્ષણે પલટાય છે તેવું દ્રવ્યનું સ્વરૂપ નથી અને તેથી દ્રવ્ય પર્યાયમાં આવતું નથી. દ્રવ્ય ક્ષણે ક્ષણે પલટાતું નથી, દ્રવ્ય તો એકસરખું રહે છે અને પર્યાય તો પલટાય છે. એટલે દ્રવ્ય પર્યાયમાં આવતું નથી. બાકી પર્યાય છે તે દ્રવ્યનું સ્વરૂપ છે. દ્રવ્ય-ગુણ-પર્યાય એ ત્રણે થઈને એક દ્રવ્યનું સ્વરૂપ છે. દ્રવ્ય અનાદિ-અનંત છે અને પર્યાય પલટાયા કરે છે. છતાં પર્યાય દ્રવ્યના આશ્રયે જ થાય છે, દ્રવ્યમાં જ થાય છે; કાંઈ અદ્ધર નથી થતી. જે સ્વભાવપર્યાય થાય છે તે દ્રવ્યના આલંબનથી થાય છે. જ્ઞાન, આનંદ આદિ અનંતગુણની જે બધી શુદ્ધપર્યાય થાય છે તે દ્રવ્યના આશ્રયે થાય છે અને જે વિભઆવપર્યાય થાય છે તે પોતાના પુરુષાર્થની મંદતાએ થાય છે. તે વિભાવપર્યાય પોતાનો સ્વભાવ નથી, માટે તેને અને પોતાને ભાવભેદ છે. પોતાનો અને વિભાવભાવ જે આકુળતાવાળા છે તેનો સ્વભાવ જુદો છે,-તે બંનેને ભાવભેદ છે તેથી વિભાવથી ભેદજ્ઞાન કરે કે જે આકુળતાવાળો વિભાવભાવ છે તે મારો સ્વભાવ નથી, તે પુરુષાર્થની મંદતાએ થાય છે; પણ પુરુષાર્થ તીવ્ર થાય તો વિભાવ પર્યાય છૂટી જાય છે અને સ્વભાવ પર્યાય પ્રગટ થાય છે. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૦૮)**

## આગામી પ્રકાશન

પંડિત શ્રી દીપચંદજી કાસલીવાલ દ્વારા રચિત આધ્યાત્મિક ગ્રંથ 'આત્માવલોકન' તથા 'ચિદ્‌વિલાસ' પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા થયેલ ભાવવાહી અર્થગંભીર પ્રવચનોના પુસ્તકો ઈ.સ. ૨૦૧૮માં પ્રકાશિત કરવાની ભાવના છે. આમાં આત્માવલોકન ગ્રંથ પર થયેલા પ્રવચનોના પાંચ ભાગ થવાની ધારણા છે તથા ચિદ્‌વિલાસ ગ્રંથ પર થયેલા પ્રવચનોના બે ભાગ થવાની સંભાવના છે.

**રાજચંદ્રજી દ્વારા વ્યક્ત થયેલ પત્રોનું વિવેચન....**

શારીરિક સ્વાસ્થ્ય નિર્બળ થતું જાય છે, તો બીજી બાજુથી તેઓશ્રીનું આત્મિક સ્વાસ્થ્ય બળવાન થતું જાય છે. તેવું અહીં સ્પષ્ટ થાય છે. તેઓશ્રીનો આરાધકભાવમાં સુદૃઢ પુરુષાર્થ વર્તે છે.

❈

૯૫૧

**રાજકોટ, ફાગણ વદ ૩, શુક્ર, ૧૯૫૭**

**'ઘણી ત્વરાથી પ્રવાસ પૂરો કરવાનો હતો. ત્યાં વચ્ચે સહરાનું રણ સંપ્રાપ્ત થયું. માથે ઘણો બોજો રહ્યો હતો તે આત્તમવિર્યે કરી જેમ અલ્પકાળે વેદી લેવાય તેમ પ્રઘટના કરતાં પગે નિકાચિત ઉદયમાન થાક ગ્રહણ કર્યો. જે સ્વરૂપ છે તે અન્યથા થતું નથી એ જ અદ્‌ભુત આશ્ચર્ય છે. અવ્યાબાધ સ્થિરતા છે. પ્રકૃતિ ઉદયાનુસાર કંઈક અશાતા મુખ્યત્વે વેદી શાતા પ્રત્યે.'**

પરમ કૃપાળુદેવની સમ્યક્‌પુરુષાર્થ સહિતની પ્રથમથી જ એવી ભાવના હતી કે પરિભ્રમણનો પ્રવાસ ત્વરાથી (આ ભવમાં જ) પૂરો કરવો, અને તદ્‌અનુસાર તેઓશ્રીએ પુરુષાર્થ ઉપાડ્યો હતો, ત્યાં વચ્ચે શરીર રોગરૂપી સહરાનું રણ આવ્યું.

પૂર્વ સંચિત કર્મનો બોજો કરજરૂપે પોતાને માથે ઘણો હતો, તે આત્મિક પુરુષાર્થ વડે અલ્પકાળમાં ભોગવી લેવાય, તેવા અપ્રતિહત પુરુષાર્થની યોજના પણ કરી, અને સ્વરૂપમાં જ્યાં પુરુષાર્થની દોડ લગાવી ત્યાં પગે (શરીરધર્મે) નિકાચિત એટલે કે જેમાં કોઈ ફેરફાર ન થાય તેવો ઉદયમાન વિઘ્નરૂપ થાક ગ્રહણ કર્યો.

વર્તમાન પંચમકાળમાં પુરુષાર્થની પૂર્ણતા પ્રગટ થઈ પરમાત્મપદની પ્રાપ્તિ અને નિર્વાણપદ પ્રાપ્ત થાય તેવી યોગ્યતાવાળા આત્માઓ આ ક્ષેત્રે, આ કાળમાં જન્મતા નથી (આ કાળમાં નિર્વાણપદને પ્રાપ્ત કરનારાઓ મહાવિદેહ ક્ષેત્રે જન્મે છે) આવું વસ્તુસ્વરૂપ છે.-તે કેવળજ્ઞાન દ્વારા પરમાગમોમાં પ્રસિદ્ધ થયેલું છે. તેમાં કાંઈ અન્યથા થતું નથી, એવું જે કેવળજ્ઞાનનું આશ્ચર્યકારક સ્વરૂપ, તેની પ્રતીત થઈ છે, અને આત્મામાં તો શરીરરોગથી બાધા ન પામે તેવી અવ્યાબાધ સ્થિરતા વર્તે છે.

તેઓશ્રીએ પૂર્ણતાની પ્રાપ્તિ અર્થે ઉગ્ર પુરુષાર્થ ઉપાડ્યો હતો, છતાં એક ભવ બાકી હતો તેવી સ્થિતિ છેવટ રહી ગઈ. એ જ નિયતિનું અદ્‌ભુત આશ્ચર્ય છે. સાથોસાથ સમ્યક્ સમાધાન પૂર્વક પરિણમનમાં અવ્યાબાધ સ્થિરતા છે.

શરીર પ્રકૃતિના ઉદય અનુસાર અશાતા વેદાય છે, તો પણ તેઓએ શાંતભાવે વેદી છે. અશાતાનું વેદન ગૌણ રહ્યું છે. જેથી ભાવી અશાતા બંધનું નિમિત્ત થયું નથી, પણ પૂર્વ અશાતાકર્મની નિર્જરા થઈ છે. જેથી ભવિષ્યમાં અનંત અનંત સમાધિસુખની, અનંત દર્શન અને અનંત જ્ઞાન સહિત, સ્થિતિને પ્રાપ્ત થશે.

સત્પુરુષોનો સનાતન સન્માર્ગ જયવંત વર્તો!!

❈

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (જાન્યુઆરી-૨૦૧૮)નું શુલ્ક મનિષાબેન હેમંતભાઈ શાહ, મુંબઈ તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**




૯૦૧

**વર્ષ ૩૩મું**

**મુંબઈ, કારતક સુદ ૧૫, ૧૯૫૬**

**'હે આર્ય મુનિવરો! એ જ અસંગ શુદ્ધ ચૈતન્યાર્થે અસંગયોગને અહોનિશ ઈચ્છીએ છીએ!'**

તેઓશ્રીની ૨૯-૩૦ વર્ષની યુવાઅવસ્થા થતાં જ નિર્ગ્રંથદશાની તીવ્ર ભાવના હોવાના સ્પષ્ટ નિર્દેશો તેઓશ્રીના લખાણોથી અને ''અપૂર્વ અવસર'' કાવ્ય પરથી સ્પષ્ટ સમજાય છે. તે ભાવના અનુસાર સહજ પણે સમ્યક્પુરુષાર્થ પણ વૃદ્ધિગત થયો છે; અને તેના જ અનુસંધાનમાં અસંગ શુદ્ધ ચૈતન્યનમાં લીન રહેવા અર્થે અસંગયોગને એટલે કે બાહ્યભ્યંતર નિર્ગ્રંથપણાને રાત્રિ-દિવસ ઈચ્છી રહ્યા છે. તેમ જ જે મહાત્માઓ નિર્ગ્રંથદશામાં રહી અસંગ ચૈતન્યમાં લીન થયાં, થાય છે અને થશે તે સર્વેને ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા છે.

❉

૯૧૨

**ધર્મપુર, ચૈત્ર વદ ૧, રવિ, ૧૯૫૬**

**'બાહ્ય અને અંતર સમાધિયોગ વર્તે છે.'**

આ દિવસોમાં પરમ કૃપાળુદેવ નિવૃત્તિક્ષેત્રમાં અંતર્-બાહ્ય જ્ઞાન-ધ્યાનની પ્રવૃત્તિ અર્થે રહ્યા છે. વિશેષ સાધનામાં રહ્યા થકાં અંતર્-બાહ્ય સમાધિયોગમાં વર્તી રહ્યાનો ઉક્ત વચનામૃતમાં ઉલ્લેખ થયો છે. નમસ્કાર હો! તેઓશ્રીની વીતરાગી આરાધનાને!

❉

૯૧૭

**અમદાવાદ, ભીમનાથ, વૈ.સુદ ૬, ૧૯૫૬**

**'એક શ્લોક વાંચતાં અમને હજારો શાસ્ત્રોનું ભાન થઈ તેમાં ઉપયોગ ફરી વળે છે.'**

ઉક્ત વચનામૃતમાં કૃપાળુદેવના સાતિશય શ્રુતજ્ઞાનના દર્શન થાય છે. શાસ્ત્રના કોઈ એક શ્લોકને વાંચતાં તેઓશ્રીને હજારો શાસ્ત્રોમાં તે સંબંધિત શ્રુતજ્ઞાનનું ભાન થઈ ઉપયોગ ફરી વળે છે-આ પ્રકાર તેઓશ્રીની અલૌકિક શ્રુતની લબ્ધિને પ્રકાશે છે. આત્મસ્વરૂપમાં વિશેષ લીનતાનો જે ધર્માત્માઓને અભ્યાસ વર્તતો હોય, તેમને શ્રુતજ્ઞાનની વિશેષ નિર્મળતા ઉપરાંત, અલૌકિક લબ્ધિ પ્રાપ્ત હોય છે. શ્રુતલબ્ધિધારી સાધકસંતોને અત્યંત ભક્તિથી ત્રિયોગે નમસ્કાર હો!

❉

૯૩૩

**(વવાણીયા, જયેષ્ઠ વદ, ૧૯૫૬)**

**'અપૂર્વ શાંતિ અને સમાધિ અચળપણે વર્તે છે.'**

આ સંક્ષિપ્ત પત્રમાં પણ શારીરિક સ્વાસ્થ્યની મુખ્યપણે અશાતા વર્તતી હોવા છતાં પણ, સ્વયંની અધ્યાત્મદશાનો ઉલ્લેખ કર્યો છે કે આત્માને વિષે અપૂર્વ શાંતિ અને વીતરાગ દશારૂપ સમાધિ અચળપણે વર્તે છે. એકબાજુથી

**(અનુસંધાન પાના નં.૧૮ પર...)**